(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા તાલુકામાં પોલીયો રસીકરણ કાર્યક્રમનો પ્રારંભ

ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં ૦ થી ૫ વર્ષના બાળકોને પોલીસોની રસીના બે ટીપા પીવડાવવાના કાર્યક્રમનું ઉદ્‌ઘાટન તાલુકાના પ્રાંત અધિકારી આર.આર. ઠક્કરના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામમાં જિલ્લા ક્ષય અધિકારી ડૉ. પી.એમ. પટેલ તેમજ જનરલ હોસ્પિટલ ખેડબ્રહ્માના અધિક્ષક બી.એમ. ઔદિચ્ય પણ ઉપસ્થિત રહ્યા હતા. આ રસીકરણ કાર્યક્રમમાં ૦ થી ૫ વર્ષના ૪૫૫૯૩ જેટલા બાળકોને પોલીયાની રસી પીવડાવવામાં આવનાર છે. જે માટે તંત્ર દ્વારા જુદા જુદા ૧૮૩ બુથ કાર્યરત કરવામાં આવ્યા હતા.

ડીસામાં ગણતંત્ર દિવસની ઉજવણી માટે તંત્રએ તૈયારીઓ આરંભી

દેશભક્તિના પર્વ દરમ્યાન શહેરને રોશનીથી ઝગમગાવવા અનુરોધ કરાયો

ડીસા,તા. ૨૦

બનાસકાંઠા જિલ્લામાં ૨૬ જાન્યુઆરીએ ગણતંત્ર દિવસને ઉજવવા માટે વહીવટીતંત્ર દ્વારા અત્યારથી જ તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. શાળા કોલેજો અને પોલીસતંત્ર દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન હાથ ધરાયુ છે ત્યારે ડીસા મામલતદાર કચેરીમાં ઉજવાનાર તાલુકા કક્ષાના ગણતંત્ર દિવસને સફળ બનાવવા માટે તેમજ તેના આયોજન માટે યોજાયેલી બેઠકમાં મામલતદાર એસ.એન. ભીંડેએ ૨૬ જાન્યુઆરીએ શહેરની સરકારી તેમજ પ્રાઈવેટ ઈમારતોનો લાઈટીંગથી શણગારવા માટે અનુરોધ કર્યો હતો.

૨૬ જાન્યુઆરીના રોજ ડીસા શહેર દેશભક્તિના પર્વની ધામધૂમ અને રંગેચંગે ઉજવણી કરે તેમજ વહીવટીતંત્ર દ્વારા પણ દેશભક્તિ અને રંગેચંગે ઉજવણી કરે તેમજ વહીવટીતંત્ર દ્વારા પમ દેશભક્તિના તહેવારને અનુલક્ષીને યોગ્ય વ્યવસ્થા

ગોઠવવામાં આવે તે માટે ડીસા મામલતદાર કચેરી ખાતે મામલતદાર ભીંડે અને ઈન્ચાર્જ ટીડીઓ સી.પી. ડગલાનીની ઉપસ્થિતિમાં મહત્વની બેઠક મળઈ હતી. આ પ્રસંગે માહિતી આપતા મામલતદાર ભીંડેએ જણાવ્યું હતું કે ૨૬મી જાન્યુઆરીએ દેશભક્તિના પર્વને સાથે મળીને ઉજવવાનો છે ત્યારે શહેરમાં સફાઈ, ટ્રાફીકની વ્યવસ્થા સહિતની સુવિધાઓ જળવાઈ રહે તે જરૂરી છે. મામલતદાર કચેરીમાં તાલુકા કક્ષાના ધ્વજવંદનના કાર્યક્રમ યોજાનાર હોવાથી મંડપ, પાણીની વ્યવસ્થા, બાળકોને ચોકલેટની વ્યવસ્થા, સાંસ્કૃતિક અને દેશભક્તિના પ્રોગ્રામોની વ્યવસ્થા અને સફાઈ જેવી બાબતો પર પોલીસ, નગરપાલિકા, પાણીપૂરવઠા અને શિક્ષણ વિભાગના કર્મચારીઓ સાથે પરામર્શ કરી મામલતદાર જે તે આયોજન અંગેની માહિતી મેળવી જરૂરી સૂચન કર્યા હતા. વધઉમાં તેમણે સરકારી તેમજ ખાનગી ઈમારતોને લાઈટીંગથી શણગારવા તંત્ર અને વેપારીઓને ખાસ અનુરોધ કર્યો હતો. ૨૬મીએ વહેલી સવારે નિકળનાર રેલી દરમીયાન ટ્રાફીકની સમસ્યા ન સર્જાય તે માટે પોલીસનું ધ્યાન દોર્યુ હતું અને શહેરમાંથી તેમજ કાર્યક્રમના સ્થળેથી કચરાના ઢગલા દૂર કરવા માટે નગરપાલિકાના અધિકારીઓને જણાવ્યું હતું. આ ઉપરાંત રમતગમત ક્ષેત્રે, સામાજીક ક્ષેત્રે, સાંસ્કૃતિક ક્ષેત્રે તેમજ અન્ય ક્ષેત્રોમાં ગૌરવરૂપ કામગીરી કરનાર વ્યક્તિઓને ઈનામ આપવાનું જાહેર રી આવી વ્યક્તિઓએ પોતાના બાયોડેટા ૨૬ જાન્યુઆરી પહેલા મોકલી આપવા પણ અનુરોધ કર્યોહતો.

ઊંઝામાં ગુનાખોરીનો ગ્રાફ વધ્યો

૪ વર્ષમાં ૪૦ ટકા વધારે ગુનાઓ નોંધાયા

ઊંઝા, તા. ૨૦

વેપારી મથક ઊંઝા પોલીસ સ્ટેશનની હદમાં વર્ષ ૨૦૦૯ થી ૨૦૧૩ દરમિયાન ગુનાખોરીના પ્રમાણમાં વધારો થયો હોવાનું પોલીસના ચોપડે પાર્ટ-૧ હેઠળ નોંધાયેલ આંકડાઓ પરથી જણાય છે.

સને ૨૦૦૯ થી ૨૦૧૩ દરમિયાન ઊંઝા વિસ્તારમાં ખૂન-લૂંટ, ચેન સ્નચિંગ, ઘરફોડ ચોરી, વાહનચોરી, કેબલ ચોરી, વિશ્વાસઘાત, છેતરપીંડી, મંદિર ચોરી, અપહરણ, બળાત્કાર, ઠગાઈ વ્યથા અને મહાવ્યથા જેવા ગંભીર પ્રકારના ઘણા ગુનાઓ નોંધાયેલ છે. જેમાં ઘરફોડ, વાહનચોરી તેમજ અન્ય ચોરીઓના બનાવો સવિશેષ બન્યા છે. મિલ્કત વિરુધ્ધના તેમજ અન્ય ગંભીર પ્રકારના ગુનાઓને અટકાવવા માટે તેમજ તેના ભેદ ઉકેલવા માટે પોલિસ તંત્ર દ્વારા અસરકારક પગલા ભરાયેલ નથી જેથી ગુનાખોરીનો આંક વધવા પામ્યો છે. સ્થાનિક પોલિસ મથકે મિલકત વિરૂધ્ધના જે ગુનાઓ નોંધાયા છે તે પૈકી મોટાભાગના ગુનાઓના ભેદ આજદિન સુધી વણ ઉકેલાયેલા રહ્યા છે. સ્થાનિક તેમજ જિલ્લા કક્ષાની લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આ ગંભીર ગુનાઓને શોધવાની દિશામાં કોઈ મહેનત કરવામાં આવી નથી તેમજ ગુનાની કબૂલાત થતી હોય તેમ છતાં લૂંટમાં કે ચોરીમાં ગયેલ મુદ્દામાલ પરત મેળવવા માટે ખાસ કોઈ પ્રયત્નો થતા નથી. પરિણામે આરોપીઓ પકડવા છતાં ફરિયાદીને ગુમાવેલ માલ મત્તા પરત મળી શકતી નથી.

ખેડબ્રહ્માના દામાવાસ કંપામાં એન.એસ.એસ. શિબિર યોજાઈ

ખેડબ્રહ્મા, તા. ૨૦

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામના જ્ઞાનમંડળ સંચાલીત એન. એલ. હાઈસ્કૂલ દ્વારા દામાવાસ કંપામાં રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જીવન ઘડતરના કાર્યક્રમ, ગામ સફાઈ, જાગૃતિ રેલી, મહિલા સશકિતકરણ, એચ.આઈ.વી. એઈડસ જાગૃતિ પ્રદર્શન નિરક્ષરતા નિવારણ, પાણી જન્ય રોગો અંગે જાણકારી આપવામાં આવી હતી. આ સમારંભમાં અધ્યક્ષસ્થાને લખન સિકભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને બાળકોના સેવા કાર્યોને બિરદાવ્યા હતા. આ પ્રસંગે ડૉ. નિલેશભાઈ બેગડીયા, સરપંચ વિજયભાઈ પટેલ તેમજ શાળા/પ્રમુખ આચાર્ય સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં.

(તસવીર : સંજય રાવલ)

પ્રાંતિજમાં પલ્સ પોલિયો વિરોધી રસીકરણનો કાર્યક્રમ યોજાયો

ભારતભરમાંથી પોલિયો નાબૂદ કરવા માટે આગોતરા આયોજનના ભાગરૂપે પ્રાંતિજ તાલુકા આરોગ્ય વિભાગ દ્વારા પ્રાંતિજના ૮૩ બુથો પર પલ્સ પોલિયો વિરોધી રસીકરણ આપવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં તાલુકાના ૨૨૯૧૨ જેટલા ભૂલકાઓને રસીના બે ટીપા પીવડાવવામાં આવ્યા હતા. પ્રાંતિજ તાલુકામાં આવેલ ચાર પી.એસ.સી. કેન્દ્રોમાં ઉભા કરવામાં આવેલા ૮૩ બુથોમાં ત્રણસો બાવીસ જેટલા આરોગ્ય કર્મચારી ૦ થી ૫ વર્ષ સુધીના કુલ ૨૨૯૧૨ જેટલા ભુલકાઓને પલ્સ પોલિયો રસીના બે ટીપાનો ડોઝ આપવામાં આવ્યો હતો. જેમાં ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, ડૉ. એચ.કે. રાઠોડ, ડૉ. ચિંતન પટેલ સહિત આરોગ્ય પરિવારના સભ્યો, ટી.ડી.ઓ. ડી.વી. મકવાણા વગેરે હાજર રહ્યા હતાં.

બનાસકાંઠા જિલ્લા અને તાલુકા પંચાયતોની ચૂંટણીના પડઘમ શરૂ

ડેલીગેટ બનવા ઉત્સુક અગ્રણીઓ કામે લાગ્યા : ડીસાની ૧૯ બેઠક અનામત ૧૮ બિન અનામત

ડીસા, તા. ૨૦

બનાસકાંઠા જિલ્લામાં વિધાનસભાની ચૂંટણીની પ્રક્રિયા માંડ પૂર્ણ થઈ છે ત્યારે જિલ્લા અને તાલુકા પંચાયતોની ચૂંટણીના પડઘમ શરૂ થયા છે જેના કારણે ડેલીગેટ બનવા ઉત્સુક અગ્રણીઓ અત્યારથીજ તૈયારીઓમાં જોડાયા છે. મતદારો સાથે સંપર્ક અને ટીકીટ મેળવવા માટે પક્ષોના આગેવાનોની આસપાસ આંટા મારવા શરૂ કરી દીધા છે.

બનાસકાંઠા જિલ્લાની નવ બેઠકો માટેની ચૂંટણી પ્રક્રિયામાંથી નવરૂ પડેલુ વહીવટીતંત્ર આગામી સમયમાં આવી રહેલ તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીની કાર્યવાહીમાં પરોવાયું છે. નવા સિમાંકન મુજબ યોજાનાર ચૂંટણી માટે આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. જેમાં ડીસા તાલુકા પંચાયતની ૩૭ બેઠકો માટે યોજાનાર ચૂંટણીમાં અનામત અને બિન અનામત બેઠકોની ફાળવણીનો આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. ડીસા તાલુકાની ટેટોડા બેઠક અનુસૂચિત માટે ફાળવાઈ છે જ્યારે નાણી બેઠક અનુસૂચિત જાતિની સ્ત્રી ઉમદેવાર માટે તેમજ લોરવાડા, લુણપુર અને ઢુવા પુરુષ માટે ફળવાઈ છે. જ્યારે ઝેરડા (સ્ત્રી), બુરાલ, છત્રાલા અને ધાણા બક્ષીપંચ માટે જ્યારે સામાન્ય સ્ત્રી માટે ભડથ, ભોયણ, લખલન, માલગઢ, મોટાકાપરા, મુડેઠા, નાંદલા, નવી ભીલડી, જુના નેસડા અને પેવલુનો સમાવેશ કરાયો છે. આ ઉપરાંત નાની આખોલ, આસેડા, જુનાડીસા, ક્રંસારી, ખરડોસણ, કોટડા, કુચાવાડા, કુડા, રામપુરા, રામસણ, રાજપૂર, સમૌમોટા, સમૌનાના, શેરપુર,થેરવાડા, વરણ, વાસણા(જુ) અને વાનમ બેઠકનો સમાવેશ કરાયો છે.

ડીસામાં દેના બેંકથી લેખરાજ ચાર રસ્તા સુધીનો માર્ગ દબાણ મુકત કરાવવા માંગ

ડીસા, તા.૨૦

ડીસા શહેરમાં ટ્રાફીક સમસ્યાના ઉકેલ માટે પોલીસ તંત્ર સરેઆમ નિષ્ફળ રહ્યું છે. શહેરના બગીચા વિસ્તાર બસ સ્ટેન્ડ ચાર રસ્તા, ગાયત્રી મંદિર, ફુવારા સર્કલ તેમજ સદર બજાર સહિતના વિસ્તારમાં ટ્રાફિક સમસ્યાને કારણે વાહનચાલકો અને રાહદારીઓને ભારે પરેશાની વેઠવી પડે છે ત્યારે શહેરના હાર્દ સમા દેનાબેંકથી લેખરાજ ચાર રસ્તા સુધીના રોડ પર લારીઓ અને પાથરણાવાળાઓના અડીંગાને કારણે પસાર થતા વાહન ચાલકોને પરેશાનીનો સામનો કરવો પડે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ડીસા શહેરના દેનાબેંકથી લેખરાજ ચાર રસ્તા સુધી શાકભાજીનું વેચાણ કરતા પાથરણાવાળા તેમજ લારીઓવાળાએ અડીંગો જમાવી દીધો છે. જેના કારણે એક સાઈડનો વાહન વ્યવહાર બિલકુલ બંધ થઈ જાય છે. પરિણામે સવારે શાળા-કોલેજ અને નોકરી-ધંધા અર્થે જતા વિદ્યાર્થીઓ અને રાહદારીઓ વાહનચાલકો ટ્રાફિકમાં અટવાઈ રહે છે. ઘણીવાર સ્મશાનમાં જતા લોકોને પણ ઘણી અગવડ વેઠવી પડે છે. સાથે સાથે આજુબાજુના વેપારીઓ પણ દબાણકારોથી ત્રાસી ગયા છે ત્યારે ટ્રાફિકને અવરોધરૂપ દબાણો દૂર કરી માર્ગને ખુલ્લો કરવા માટે કેટલાક વેપારીએ અનેક વખત ડીસા શહેર પોલીસ અને નગરપાલિકા સમક્ષ રજૂઆત કરી છે તેમ છતાં હજુ સુધી કોઈ નકકર પરિણામ આવ્યું નથી આથી વેપારીઓ રોષે ભરાયા છે અને માર્ગ ખુલ્લો કરાવવા માંગ કરી છે.

મોદીપુર ગામના અન્નપૂર્ણા શકિતપીઠે જીર્ણોદ્ધાર, પ્રાણ પ્રતિષ્ઠા અને સમૂહ યજ્ઞોપવિત કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૦

મહેસાણા જિલ્લાના મોદીપુર (અંબાસણ) ગામના અન્નપૂર્ણા શકિતપીઠ મંદિરે તા.૧૩થી ૧૫મી ફેબ્રુઆરી દરમિયાન ત્રિવેણી સંગમ કરતો સમૂહ ઉપનયન સંસ્કાર, જીર્ણોદ્ધાર અને પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે.

મોદીપુર-અંબાસણ-ગામે તા. ૧૩મી ફેબ્રુઆરીએ પ્રથમ દિવસે સવારે ૭ કલાકે જલયાત્રા પૂજા પ્રારંભ સવારે ૯ કલાકે, મંડપસ્થ ગણેશાદી દેવોની પૂજા બપોરે ૧.૩૦ કલાકે, અગ્નિ સ્થાપન બપોરે ૩ કલાકે અને સાંજે ૬.૩૦ કલાકે સાયંપૂજા આરતી થશે. બીજા દિવસે સવારે ૯ કલાકે પૂજા પ્રારંભ થશે, ૩ કલાકે સ્નયનવિધિ, ૪ કલાકે પ્રાસાદ સ્નયન, ૪.૩૦ કલાકે જલાધિવાસ, ધૃતાધિવાસ, ધાન્યાધિવાસ, ૫ કલાકે શૈયાધિવાસ, ૬.૩૦ કલાકે સાંય પૂજા આરતી થશે. ત્રીજા દિવસે તા. ૧૫મી ફેબ્રુઆરીએ ૧૦.૩૦ કલાકે પ્રાસાદવાસ્તુ, ૧૨.૧૫ કલાકે પ્રાણ પ્રતિષ્ઠા અને ૧ કલાકે પૂર્ણાહુતિ થશે. ઉપનયન સંસ્કાર વિધિ સવારે ૭ કલાકે તુષારભાઈ દવેના આચાર્યપદે યોજાશે.

અન્નપૂર્ણા શકિતપીઠ ખાતે પ.પૂ. મહંતશ્રી રામસ્વરૂપપુરીજી મહારાજ-મહંત ધોળેશ્વર મહાદેવ, ગાંધીનગર, પ.પૂ. ભુવાજી રાજાભાઈ દેસાઈ ગોગા મહારાજ દેવસ્થાન, કાસવા, પ.પૂ. મહંતશ્રી ૧૦૦૮ પરમેશ્વરદાસજી મહારાજ હનુમાનજી મંદિર, વિહાર અને પ.પૂ. યોગી આલોકનાથજી મહારાજ આદેશ આશ્રમ, ઈન્કમટેક્ષ અમદાવાદના મહંતશ્રીઓ, સંતો આશીર્વાદ ૧૫મી ફેબ્રુઆરીએ બપોરે ૩ કલાકે આપશે.

આ પ્રસંગે પ.પૂ. મા શ્રી કનકેશ્વરી દેવીજી ખાસ ઉપસ્થિત રહેશે. ૧૪મી ફેબ્રુઆરી ૨૦૧૩ને ગુરૂવારે રાત્રે ૮ લાકે અશ્વિનભાઈ શંકરભાઈ જોષી 'મા-બાપને ભૂલશો નહીં' કાર્યક્રમ અન્નપૂર્ણા, મુ. મોદીપુર (અંબાસણ) તા.જિ. મહેસાણા ખાતે રજૂ કરશે. ૧૧મી શતાબ્દિ મહોત્સવ પ્રસંગે તૃતીય જીર્ણોદ્ધાર, પ્રાણ પ્રતિષ્ઠા સમૂહ યજ્ઞોપવીત, બ્રહ્મ ચોર્યાસી, મહારૂદ્રયાગ ને શતચંડી યાગ તા.૧૩મી ફેબ્રુઆરી દરમિયાન મોદીપુર (અંબાસણ) ગામે યોજાશે. જેમાં ભકતજનો અને ધર્મબંધુઓ ખાસ હાજર રહી કાર્યક્રમ સફળ બનાવશે.

પાણપુરના પ્લાઝા કોમ્પલેક્ષ ખાતે ૨૬મીએ મફત નેત્ર નિદાન શિબિર યોજાશે

હિંમતનગર, તા. ૨૦

હિંમતનગરના પાણપુર પાટીયા પાસે આવેલ એ.બી.સી. પ્લાઝા કોમ્પલેક્ષમાં ઈકરા ફાઉન્ડેશન હિંમતનગર દ્વારા આયોજીત મફત આંખોની તપાસ તેમજ મફત નેત્રમણી પ્રત્યારોપણ કેમ્પનું આયોજન તા. ૨૬ જાન્યુઆરી શનિવારના રોજ સવારે ૧૦ થી ૧ કલાક દરમિયાન કરવામાં આવ્યું છે.

આ કેમ્પમાં હિંમતનગર શહેર તેમજ આસપાસના ગામડાના લોકો ભાગ લઈ આંખના મોતિયાની તપાસ કરાવી શકે છે. તેમજ મોતિયાનું ઓપરેશન નેત્રમણી મુકી વિનામૂલ્યે દર્દીઓને કરી આપવામાં આવશે. વધુમાં દર્દીઓ પાસેથી ટોકન ચાર્જ વસુલી ચશ્માના નંબર કાઢી ચશ્મા આપવામાં આવશે તેમ ઈકરા ફાઉન્ડેશનના ચેરમેન યુસુફભાઈ સાબુગરે અખબારી યાદીમાં જણાવ્યું છે.

ભિલોડાના જાબચીતરીયા જૂથનું ગૌરવ

હિંમતનગર, તા. ૨૦

જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમભવન ઈડર તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા તા. ૧૭મી જાન્યુઆરીના રોજ આયોજીત જિલ્લા કક્ષાના રમતોત્સવમાં ભિલોડા તાલુકાના જાબચીતરીયા જૂથના એક વિદ્યાર્થી અને શિક્ષક અનુક્રમે દોડ અને ગોળાફેંકમાં પ્રથમ આવતા શિક્ષણ આલમમાં આનંદની લાગણી વ્યાપી જવા પામી હતી.

જેની વિગત એવી છે કે જિલ્લા પ્રાથમિકશિક્ષણ વિભાગ સમિતિ દ્વારા હિંમતનગર અને ઝેવીયર્સ સ્કૂલ ખાતે તાલીમ તા. ૧૭-૧-૧૩ના રોજ આયોજીત જિલ્લાકક્ષાના રમતોત્સવમાં તાલુકા કક્ષાએ સફળ પ્રદર્શન કરી સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના જાબચીતરીયા જૂથનો ઈશ્વરપુરા પ્રાથમિક શાળાનો વિદ્યાર્થી બરંડા ભાવેશકુમાર અશોકભાઈ ૧૦૦ મીટર દોડમાં અને પાંચમહુડી પ્રાથમિક શાળાના શિક્ષક પ્રજાપતિ નિકુંજભાઈ જે. ગોળાફેંકની રમતમાં સમગ્ર જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરતાં ભિલોડા તાલુકામાં આનંદની લાગણી પ્રસરી જવા પામી હતી.

જેમાં વિદ્યાર્થી તથા તેને તાલીમ આપનાર શિક્ષક ચીમનભાઈ જી. પટેલ તથા ગોળાફેંકમાં વિજયી બનેલ શિક્ષકશ્રીને જૂથના સી.આર.સી. જગદીશભાઈ પટેલ દ્વારા અભિનંદન આપી ઝોન કક્ષાએ પણ શ્રેષ્ઠત્તમ દેખાવ કરે તેવી શુભકામના પાઠવવામાં આવી હતી.

વાસણામોટા ગામેથી ૧૩ વર્ષીય સગીરાનું અપહરણ થતા ફરિયાદ

હિંમતનગર, તા. ૨૦

પંચમહાલ જિલ્લાના સંતરામપુરમાં રહેતા એક ઈસમે ગતરોજ બાયડ તાલુકાના વાસણા મોટા ગામે રહેતી ૧૩ વર્ષીય માસૂમ સગીરાને સમજાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી અપહરણ કરી લઈ જતા ભારે ચકચાર મચી જવા પામી હતી. આ મામલે સગીરાના પિતાની ફરિયાદના આધારે બાયડ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પંચમહાલ જિલ્લાના સંતરામપુર તાલુકાના નાની વેલી ગામમાં રહેતા દિનેશ કાળુભાઈ નાયક નામના ઈસમે ગતરોજ સાંજના ૭ વાગ્યાના સુમારે બાયડ તાલુકાના વાસણા મોટા ગામે રહેતી એક ૧૩ વર્ષીય સગીરાને કાયદેસરના વાલીપણામાંથી મરજી વિરૂદ્ધ સમજાવી ફોસલાવી લગ્ન કરવાના બદઈરાદે અપહરણ કરી લઈ જતા ભારે ચકચાર મચી જવા પામી હતી. આ અંગે સગીરાના પિતાએ બાયડ પોલીસમથકે ફરિયાદ આપતા પોલીસ ગુનો નોંધી ફરાર આરોપીને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop
Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો રૂમ બંધ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮